# ગૂજરાત વિદ્યાપીઠઃ અમદાવાદ-૩૮૦૦૧૪

જા.નં. ૬૦/વહીવટ/ COVID-19/૨૦૨૦-૨૧

તા.૧૫.૦૫.૨૦૨૦

વંચાણે લીધાઃ

૧) અત્રેનાં કાર્યાલયનાં કાર્યાલય આદેશ જા.નં.૦૯/વહીવટ/ COVID-19/૨૦૨૦-૨૧, તા.૧૪.૦૪.૨૦૨૦

૨) અત્રેનાં કાર્યાલયનાં પરિપત્ર જા.નં.૫૬/વહીવટ/COVID-19/૨૦૨૦-૨૧, તા.૦૪.૦૫.૨૦૨૦

૩) અત્રેનાં કાર્યાલયનાં પરિપત્ર જા.નં.૫૭/વહીવટ/COVID-19/૨૦૨૦-૨૧, તા.૦૪.૦૫.૨૦૨૦

## કાર્યાલય આદેશ

નોવેલ કોરોના વાઈરસ (COVID-19)નાં સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય તે હેતુથી જાહેર હિતમાં આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલ સેવકો સિવાયનાં તમામ વિદ્યાર્થીઓ/શૈક્ષણિક સેવકો/ સંશોધકો/ બિન શૈક્ષણિક સેવકો માટે ગૂજરાત વિદ્યાપીઠનાં તમામ સંકુલો/વિભાગો/શાળાઓ/કેન્દ્રો બંધ રાખવા અને અપવાદરૂપ સંજોગોમાં જરૂરીયાત મુજબ ન્યુનતમ સેવકો (skeleton staff) સાથે આદરણીય કુલનાયકશ્રીની પરવાનગીથી અનિવાર્ય કામગીરી કરી શકશે તેમજ નોવેલ કોરોના વાઈરસ (COVID-19)નાં સંબંધમાં કેન્દ્ર સરકાર, યુ.જી.સી. અને રાજય સરકારનાં વખતો વખતનાં આદેશો અને માર્ગદર્શિકાઓનું પાલન કરવા ઉપરોકત વંચાણે લીધેલ પરિપત્રો અને કાર્યાલય આદેશથી જણાવવામાં આવેલ છે.

ઉપરોકત વંચાણે લીધેલ તા.૧૪.૦૪.૨૦૨૦નાં કાર્યાલય આદેશથી નોવેલ કોરોના વાઈરસ (COVID-19)નાં સંક્રમણની પરિસ્થિતિને ધ્યાને લઈને ગૂજરાત વિદ્યાપીઠનાં ઉચ્ચ શિક્ષણનાં અમદાવાદ/ સાદરા/રાંધેજા પરિસર ખાતે તા.૧૫.૦૪.૨૦૨૦ થી તા.૧૬.૦૫.૨૦૨૦ સુધી વેકશન જાહેર કરવામાં આવેલ છે. નોવેલ કોરોના વાઈરસ (COVID-19)નાં સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય તે હેતુથી વેકેશનનો સમયગાળો તા.૩૧.૦૫.૨૦૨૦ સુધી લંબાવવામાં આવે છે. અન્ય બાબતો ઉપરોકત વંચાણે લીધેલ ક્રમાંક-૦૧ થી ૦૩નાં પરિપત્રો અને આદેશ મુજબ યથાવત છે.

આ આદેશ આદરણીય કુલનાયકશ્રીની આજ્ઞાનુસાર કરવામાં આવે છે.

(ડૉ. ભરત જોશી)

કા. કુલસચિવ

નકલ સવિનય રવાનાઃ આદરણીય કુલનાયકશ્રી, જાણ સારૂં.

નકલ રવાનાઃ સંબંધિત તમામ ડીન/વિભાગીય વડા/સંયોજક/આચાર્ય/નિયામક/સંચાલકની જાણ તથા અમલવારી સારૂં.